# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 24-03-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ લોકસભાની આગામી ચૂંટણીમાં 18થી 19 વર્ષની વયના લગભગ એક કરોડ 80 લાખ મતદારો પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.
- ✓ ચૂંટણી પંચ વિવિધ કાર્યક્રમો દ્વારા મતદાન જાગૃતિ માટે સઘન પ્રયાસો હાથ ધરી રહ્યું છે.
- ✓ આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને ઉનાળા દરમિયાન હોસ્પિટલોમાં આગની ઘટનાઓને રોકવા માટે તાત્કાલિક પગલાં લેવા જણાવ્યું છે.
- ✓ રાજ્યભરમાં આજે હોળી પર્વની ધાર્મિક આસ્થા સાથે ઉલ્લાસભેર ઉજવણી કરાશે.
- ✓ આઈપીએલમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે.

## EC SPECIAL

લોકસભાની આગામી ચૂંટણીમાં 18થી 19 વર્ષની વયના લગભગ એક કરોડ 80 લાખ મતદારો હશે, જે સૌ પહેલીવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

સૌ પ્રથમવાર મતદાન કરનારા મતદારોને પ્રોત્સાહન આપવા માટે સોશિયલ મિડીયા પર I VOTE4 SURE જેવા અનેક અભિયાન શરૂ કરવામાં આવ્યા છે. આ અભિયાનમાં સચિન તેંડુલકર તેમજ અભિનેતા રાજકુમાર રાવ જેવા અગ્રગણ્ય નાગરિકોનો સાથ સહકાર લેવામાં આવી રહ્યો છે.

.................

## RAJKOT MATDAN JAGRUTI

લોકસભાની ચૂંટણીની જાહેરાત થતાં ચૂંટણી પંચ દ્વારા મતદાન જાગૃતિ અંગેના સઘન પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે.

રાજકોટ જિલ્લામાં મતદાન જાગૃતિ અંગે તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત જિલ્લાના ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના નેતૃત્વમાં સ્વીપ કાર્યક્રમ હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે.

રાજકોટમાં પશ્ચિમ વિધાનસભા મતવિસ્તાર અંતર્ગત મામલતદાર કચેરી દ્વારા મતદાર જાગૃતિ અર્થે ફ્લેશ મોબનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા ડાન્સ અને ગરબા દ્વારા મતદાન કરી લોકશાહીનું પર્વમાં ભાગ લેવા સંદેશો આપ્યો હતો.

જસદણ અને લોધીડા તાલુકામાં આવેલી બાલાજી વેફર્સની કંપનીમાં સ્વીપ કાર્યક્રમ હેઠળ મતદાન જાગૃતિનો શપથ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મતદાન જાગૃતિ અભિયાન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા વાંકાનેર કોલેજમાં સિગ્નેચર ડ્રાઇવ યોજવામાં આવી હતી.

ગુરૂકુળ અને શાળાના બાળકો એ નાટક, માનવ સાંકળ, રેલી, પોસ્ટર્સ વગેરે જેવા માધ્યમોનો ઉપયોગ કર્યો હતો.

ઉપરાંત સૌરાષ્ટ્રમાં વિવિધ શહેરોના 21 આર્ટિસ્ટે ઉત્સાહભેર 16 સર્જનાત્મક ભીંત ચિત્રો દ્વારા મતદાન જાગૃતિ અંગેનો સંદેશો આપ્યો હતો.

.................

## AHMEDABAD MATDAN JAGRUTI

અમદાવાદ જિલ્લામાં પણ શહેરની 6 નર્સિંગ કોલેજોમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રથમ વખત વોટ આપનાર યુવાઓએ અચુક મતદાન કરવા શપથ લીધા હતા.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહત્તમ લોકો મતદાન કરે તે દિશામાં અમદાવાદ ચૂંટણી તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે.

.................

**EC- GUJ. SOCIAL MEDIA**

રાજ્યમાં યોજાનારી લોકસભાની ચૂંટણી અંતર્ગત સોશિયલ મીડિયામાં યુઝર્સ ખોટો પ્રચાર કે અફવા ન ફેલાવે તે માટે ચૂંટણી પંચની ખાસ નજર રાખી રહ્યું છે.

ગાંધીનગર ખાતે 12 કર્મચારીઓ તમામ સોશિયલ મીડિયા પર નજર રાખી રહ્યા છે. જ્યારે રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓના ટેકનોલોજીના જાણકાર વિદ્યાર્થીઓને પણ વોલેન્ટીયર તરીકે સાથે રાખીને આ અંગેની કામગીરી સોંપવામાં આવી છે. પંચે ખોટી જાણકારી વાળી પોસ્ટ વહેલી તકે દૂર થાય તે માટે પણ ટીમ તૈનાત કરી છે.

ચૂંટણી પંચે આ માટે સાયબર ક્રાઈમની પણ મદદ લીધી છે. રાજ્યમાં સોશિયલ મિડીયા પર અપપ્રચાર કે પછી અફવા ફેલાવતી પોસ્ટ સામે સાયબર ક્રાઈમ કડક કાર્યવાહી કરશે.

.................

## Hospitals in Fire

આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને ઉનાળા દરમિયાન હોસ્પિટલોમાં આગની ઘટનાઓને રોકવા માટે તાત્કાલિક પગલાં લેવા જણાવ્યું છે.

તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને લખેલા પત્રમાં આરોગ્ય સચિવ અપૂર્વ ચંદ્રાએ જણાવ્યું હતું કે ઉનાળાના મહિનાઓમાં વધતા તાપમાનને કારણે હોસ્પિટલમાં આગ લાગવાની ઘટનાનું જોખમ રહે છે . આરોગ્ય મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને , રાજ્ય આરોગ્ય વિભાગો અને રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન હોસ્પિટલો આગની ઘટનાઓને રોકવા માટે તથા ઘટના સમયે તાત્કાલિક પગલાં લેવા સંપૂર્ણ રીતે સજ્જ છે તેની ખાતરી કરવા સાથે મળીને કામ કરવા નિર્દેશ આપવ જણાવ્યુ છે  તેમાં હોસ્પિટલોને  નિયમિતપણે અગ્નિશામક સાધનો, હાઇડ્રેન્ટ્સ અને એલાર્મ્સ જેવા અગ્નિશામક સાધનોનું નિરીક્ષણ કરવા જણાવ્યુ છે

.................

## Holi Festival Local & Jamangar

રાજ્યભરમાં આજે હોળી પર્વની ધાર્મિક આસ્થા સાથે ઉલ્લાસભેર ઉજવણી કરાશે. પરંપરા મુજબ આજે સાંજે રાજ્યભરમાં હોળીકા – પૂજન યોજાશે.

ડાકોર, પાવાગઢ, અમદાવાદના જગન્નાથ મંદિર સહિતના મંદિરોમાં આજે સાંજે હોળીકા દહન કરાશે. યાત્રાધામ ડોકારમાં ફાગણી પૂનમના મેળામાં ભાગ લેવા શ્રદ્ધાળુઓનું ઘોડાપુર પદયાત્રીઓ પગપાળા કરી ડાકોર પહોંચી રહ્યા છે. ડાકોર જવાના રસ્તાઓ પર અસંખ્યા સેવા કેમ્પો ધમધમી રહ્યા છે.

વહીવટી તંત્ર દ્વારા પણ શ્રદ્ધાળુઓની સુવિધા અને સુરક્ષા માટે વ્યવસ્થા કરાઈ છે. પોલીસતંત્ર દ્વારા સીસીટીવી – ડ્રોનની મદદથી નજર રખાશે. 2,000 જેટલા પોલીસ કર્મચારીઓ સુરક્ષા માટે તૈનાત કરાશે.

રણછોડરાય મંદિર ખાતે યોજાનાર ફાગણોત્સવ કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સામે સ્વચ્છતા અને મતદાન જાગૃતિ કાર્યક્રમો પણ યોજાશે.

દરમિયાન રાજ્યભરમાં લોકો હોળી – ધૂળેટી પર્વની ઉજવણી અંગે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લોકો બજારોમાં પિચકારી, કલર, ધાણી અને ખજૂરની ખરીદી કરતાં જોવા મળી રહ્યા છે.

અમારા જામનગરના પ્રતિનિધિ જણાવે છે કે, આ વર્ષે બાળકોને આકર્ષે તેવી નવી નવી પિચકારીઓ બજારમાં રાખી છે તો યુવામાં હવે પાકા કલરના બદલે હબર્લ કલરથી હોળી રમવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌ નાગરિકોને હોળી-ધૂળેટી પર્વની શુભકામનાઓ પાઠવી છે અને આ પર્વ પ્રેમ, સદભાવના અને એકતા સમયે ઉમંગનું પર્વ બની રહે તેવી આશા વ્યક્ત કરી છે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ

newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.

.................

## PAPER TICKET- IPL

આઈપીએલમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે 7.30 વાગે શરૂ થશે.

ગુજરાત ટાઇટન્સ, શુભમગીલની તો મુંબઈ ઇન્ડિયન્સ હાર્દિક પંડ્યાની કપ્તાની હેઠળ મેચ રમશે.

આઈપીએલ મેચને ધ્યાને લઈ અમદાવાદ મેટ્રો સેવાએ ખાસ પેપરટીકીટ આપવાનો નિર્ણય લીધો છે.

મેચના દિવસે મોટેરા સ્ટેડિયમના મેટ્રો સ્ટેશનથી સવારના 6 વાગ્યાને 20 મિનિટથી રાતના 12 વાગ્યા સુધી ટ્રેન સેવા ચાલુ રાખવાનો પણ નિર્ણય લેવાયો છે. આઇપીએલની મેચ માટે ફિક્સ 50 રૂપિયાના ભાડાની સ્પેશિયલ પેપર ટિકિટ બહાર પાડવામાં આવી છે. જેનો ઉપયોગ ફક્ત મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશનથી બીજા કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી કરવા માટે થઈ શકશે.

આ ઉપરાંત, મેચના દિવસે મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશન પર અગાઉથી સવારે 8 વાગ્યાથી ખાસ પેપર ટિકિટ ખરીદી શકાશે. કોન્ટેકટલેસ સ્માર્ટ ટોકન અને કાર્ડ સાથે મેટ્રો રેલવે સ્ટેશનમાં પ્રવેશ હંમેશની જેમ રાત્રે 10 વાગ્યા સુધી કરી શકાશે.

.................

## PALITANA JAIN

જૈનોના આસ્થાના કેન્દ્ર પાલિતાણામાં ગઇકાલે ફાગણ સુદ તેરસે છ ગાઉની યાત્રા યોજાઈ હતી.

ઉલ્લેખનીય છે કે જૈનોમાં શેત્રુંજ્ય ગિરિરાજની છ ગાઉની યાત્રાનું વિશેષ મહત્વ છે. ફાગણ સુદ તેરસની આ યાત્રા માટે દર વર્ષે દેશ ઉપરાંત વિદેશમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, આ વર્ષે 75 હજારથી વધુ ભાવિકોએ છ ગાઉની યાત્રા કરી હતી.

આ મહાયાત્રા નિમિત્તે આદપુર ખાતે 100 જેટલા પાલ બનાવાયા હતા. તળેટી, 45-45 આદિનાથના ગગનભેટી જયઘોષ સાથે ગુંજી ઊઠી હતી. શ્રદ્ધા અને ભક્તિ સાથે આ યાત્રા સુપેરે સંપન્ન થઈ હતી.

.................

## World TB Day

આજે વિશ્વ ટીબી દિવસ છે. લોકોમાં ટીબી રોગ વિશે જાગૃતિ વધારવા દર વર્ષે 24મી માર્ચે વિશ્વ ટીબી દિવસની ઉજવણી કરવામાં આવે છે.

આજે આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમો દ્વારા લોકોને ટીબી એટલે કે ક્ષય રોગ વિશે જાણકારી માર્ગદર્શન આપી જાગૃતિ કેળવવામાં આવશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ દેશની ટીબી મુક્ત બનાવવા સૌને આહ્વાન કર્યું છે. તેમણે કહ્યું કે, ટીબી દિવસ નિમિત્તે યોજાતા કાર્યક્રમોથી લોકો ક્ષય રોગને નિયંત્રીત કરવાના પડકારો વિશે જાગૃત થશે.

.................

## GRAHAK JAGRUTI SAMINAR

પાટણ ખાતે કાયદા વિભાગ અને જાગ્રુત ગ્રાહક મંડળના ઉપક્રમે ગ્રાહક જાગૃતિ સેમીનાર યોજાયો.

રજીસ્ટ્રાર ડૉ.રોહિત દેસાઈ દ્વારા  ગ્રાહક જાગૃતિ બાબતે માર્ગદર્શન કરાયું હતું. સેમીનારમાં રોનક મોદી દ્વારા ગ્રાહક સુરક્ષા કાયદો–2019 સોનાના આભુષણની ખરીદી કરતી વખતે રાખવાની જાગૃતિ, ગ્રાહક સાથે છેતરપીંડી થાય ત્યારે ગ્રાહકે ફરિયાદ ક્યાં કરવી, ગ્રાહકે ફરિયાદ માટે માર્ગદર્શન ક્યાં મેળવવું, ગ્રાહકોની જવાબદારી શું છે. ગ્રાહકને કોઈ દુકાનદાર બીલનાં આપે તો શું કરવું ? તેવા અનેક સવાલો અને મુદ્દા વિષે ઊંડાણપૂર્વક તાલીમ આપવામાં આવી હતી.

વક્તા કિશોર દવે  જણાવ્યું કે બજારમાં અને વિવિધ શોશિયલ મીડિયા વેબપોર્ટલ અને મોબાઇલ એપ્લીકેશનમાં ગેરમાર્ગે દોરતી જાહેરાતોથી ગ્રાહકે કોઈપણ લોભ-લાલચમાં આવીને વસ્તુ કે સેવાની ખરીદી કરવી નહિ. જેની વિરૂદ્ધ ફરિયાદ પણ કરી શકાય છે.

..................

## MAHISAGAR- ACCIDENT

મહીસાગર જિલ્લાના વીરપુરના સરડીયા ગામે ત્રણ યુવાનોના અનંસોલિયા તળાવમાં ડૂબી જવાથી મોત નિપજ્યાં છે.

ત્રણેય યુવાનો વીરપુરના ઘાવડીયા ગામના વતની હતા. સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

..................

## BHARUCH- ACCIDENT

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં ગોવાલી નજીક બે કાર વચ્ચે અકસ્માત થતાં ત્રણ જેટલી વ્યક્તિઓને ઇજા થઈ છે.

અમારા ભરૂચના પ્રતિનિધી વાહિદ મશહદી જણાવે છે કે, અકસ્માતની જાણ થતાં સ્થાનિકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઇજાગ્રસ્તોને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઇ જવાયા છે.

ઉલ્લેખનીય છે કે, સરદાર પ્રતિમા ધોરીમાર્ગ પર છેલ્લા દસ દિવસમાં સાત જેટલા જીવલેણ અકસ્માત થયા છે.

..................